# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લાસેવાસદન-૨, અઠવાલાઇન્સ, સુરત
Phone No: (0261) 2662902, Email:suratdeo@gmail.com, Web – deosurat.org

જા.નં.મા-૨/PPC/૨૦૨૫/ 507 તા.15/૦૧/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત,જિ.સુરત.

વિષય : માન.વડાપપ્રધાનશ્રીના "પરીક્ષા પે ચર્ચા-૨૦૨૫" કાર્યક્રમ બાબત
સંદર્ભ : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,,ગાંધીનગરના પત્રક્રમાંક: મઉમશબ/સંશોધન/૨૦૨૫/૧૯૨-226 તા.૧૦/૦૧/૨૦૨૫

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે આ સથે સામેલ સંદર્ભ પત્ર અન્વયે "પરીક્ષા પે ચર્ચા-૨૦૨૫" કાર્યક્રમને બહોળો પ્રતિસાદ મળે તે માટે વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવા જણાવેલ છે. શાળા કક્ષાએ સંદર્ભ પત્રમાં દર્શાવ્યા મુજબ ની પ્રવૃતિઓ કરવામાં જણાવવામાં આવે છે. આયોજન મુજબની પ્રવૃતિઓનો ફોટોગ્રાફ સાથેનો અહેવાલ તૈયાર કરવાનો રહેશે.

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
મહાનગરપાલિકા, સુરત

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
સુરત,જિ.સુરત

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2025/192-226
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-10બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા.10/01/2025

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)

વિષય:- માન.વડાપ્રધાનશ્રીના "પરીક્ષા પે ચર્ચા-2025" કાર્યક્રમ બાબત.
સંદર્ભ - શિક્ષા મંત્રાલય,ભારત સરકારનો પત્ર ક્રમાંક D.O.No.2-5/2024-PPC, તા.10/01/2025

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શિક્ષા મંત્રાલય, ભારત સરકાર દ્વારા શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ સાથે જાન્યુઆરી-2025માં યોજાનાર માનનીય વડાપ્રધાનશ્રીના "પરીક્ષા પે ચર્ચા 2025" કાર્યક્રમને બહોળો પ્રતિસાદ મળે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવા જણાવેલ છે.શિક્ષા મંત્રાલય , ભારત સરકાર દ્વારા તા.12/01/2025, સ્વામી વિવેકાનંદ જયંતીને રાષ્ટ્રીય યુવા દિવસ તરીકે અને તા.23/01/2025, નેતાજી સુભાષચંદ્ર બોઝ જયંતી તરીકે ઉજવવામાં આવશે તેમજ તા.12/01/2025 થી તા.23/01/2025 દરમ્યાન શાળા કક્ષાએ નીચે દર્શાવેલ પ્રવૃત્તિઓ કરવા જણાવેલ છે. ઉક્ત કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ નીચે મુજબના હેશટેગ્સ સાથે પ્રવૃત્તિઓમાં ભાગ લઇ શકશે તેમંજ સેલ્ફી લઇને MyGov Portal તેમજ સોશિયલ મીડિયા પર તેને પોસ્ટ કરી શકશે.

➢ **Basket of activites with hashtag:**

a) Indigenous game sessions (#PPC2025)
b) Marathon run (#marathonPPC25)
c) Meme competition (#PPC2025)
d) Nukkad Natak (#examwarriorPPC2025)
e) Small videos, testimonials by students (#letstalkPPC2025)
f) Student anchor Student guest (#letstalkPPC2025)
g) Yoga-cum-meditation sessions (#yogaisenergyPPC2025)
h) Poetry, Songs by CBSE, KVS and NVS. (#PPC2025)
i) Poster-making (#PPC2025)
j) Mental health counselling / workshops / special guests (#PPC2025)
k) Childern my take part in watching inspirationl film series, etc(#PPC 2025)

સદર પત્રમાં નીચે મુજબ કામગીરી કરવા જણાવેલ છે.

- આ વર્ષે વિદ્યાર્થીઓને જોડવા માટે માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવેલ "ભારત હૈં હમ" નામની શ્રેણી પ્રદર્શિત કરવામાં આવશે. ટીઝરની લિંક https://youtu.be/9IJRNS5HgwU?feature=shared છે. KVs, NVs, PM શ્રી શાળાઓ અને CBSE શાળાઓના બાળકો 23 જાન્યુઆરી, 2025 ના રોજ દેશના દરેક જિલ્લાની એક શાળામાં આ શ્રેણી જોઈ શકે છે. ત્યારબાદ, દેશભરના તમામ જિલ્લાઓમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે આકર્ષક ઇનામો સાથે ક્વિઝ/લેખન સ્પર્ધા યોજવામાં આવશે.
- શ્રેણી અને ક્વિઝ/લેખન સ્પર્ધા દેશના દરેક જિલ્લામાં કેન્દ્રીય વિદ્યાલય (અથવા નવોદય વિદ્યાલય) માં યોજાશે. કેન્દ્રીય વિદ્યાલય સમિતિ (KVS) આ કાર્યક્રમ માટે નોડલ સંગઠન હશે. આ શ્રેણી નેટફ્લિક્સ અને પ્રસાર ભારતી OTT શ્રેણી બંને પર ઓછી સબ્સ્ક્રિપ્શન ફી પર જોઈ શકાશે.
- બાળકોને ડિજિટલ પ્રમાણપત્રો અને એક્ઝામ વોરિયાર પુસ્તક આપવામાં આવશે અને દરેક શાળામાં ટોચના 3 જૂથના બાળકોના જૂથોને આકર્ષક ઇનામો પણ આપવામાં આવી શકે છે. નિષ્ણાતોની જ્યુરી આ હેતુ માટે રચાયેલ શ્રેષ્ઠ 3 જૂથો પસંદ કરી શકે છે.

- વધુમાં, "પરીક્ષા પે ચર્ચા" કાર્યક્રમ અંતર્ગત યોજાતી ક્વિઝ/લેખન સ્પર્ધાને સ્થાનિક સમાચાર/મીડિયા અને સોશિયલ મીડિયામાં આવરી લેવામાં આવે તે ઇચ્છનીય છે.
- જિલ્લાઓમાં નક્કી કરવામાં આવેલ કેન્દ્રીય વિદ્યાલયોમાં યોજનારી ક્વિઝ/લેખન સ્પર્ધામાં પૂરતી ભાગીદારી સુનિશ્ચિત કરવી તેમજ જો કેન્દ્રીય વિદ્યાલય કોઈપણ જિલ્લામાં ન હોય, તો પ્રવૃત્તિઓનું આયોજન કરવા માટે NVSનો કેન્દ્ર તરીકે ઉપયોગ કરી શકાશે.
- ઉપર જણાવ્યા મુજબ, ક્વિઝ/લેખન સ્પર્ધાના આયોજન માટે તમામ પર્યાપ્ત બજેટ જોગવાઈઓ, KVs દ્વારા કરવામાં આવશે.

ઉક્ત કાર્યક્રમ સંદર્ભે ઉપરોક્ત તમામ કાર્યક્રમોમાં આપના તાબાની શાળાઓના વિદ્યાર્થીઓ મહત્તમ સંખ્યામાં જોડાય તે માટે આપની કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરશો.

બિડાણ : સંદર્ભદર્શિત પત્ર

સંયુકત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ સવિનય રવાના :-
- માન.અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.